# *પાટણની ઐતિહાસિક વિરાસત ઢલુકૂવો*

*ડૉ. ગજેન્દ્ર પી. શ્રીમાળી*

*એસોશીએટ પ્રોફેસર* ,ઈતિહાસ વિભાગ

*આર્ટસ કોલેજ પાટણ.*

પાટણમાં રાણકીવાવ જવાના રસ્તે ફાટીપાળના દરવાજે ઢલુકૂવો આવેલો છે. પાટણની સૌથી જૂની ઐતિહાસિક ઈમારતો કે સ્થાપત્યો છે. તેમાં સ્થાન ધરાવે છે. આ કૂવો સાલવી જ્ઞાતિનું ઘરેણું છે. આ કૂવા ઉપર લખેલ લેખ ફારસી ભાષામાં છે. તેમા હિ.સ. ૮૨૧ એટલે ઈ.સ. ૧૪૧૯ નો લખેલ છે તેમાં લખેલુ છે કે આ કૂવાનું બાંધકામ પાટણમાં મુસ્લીમ સત્તા સ્થપાયી ત્યાર બાદ અહીના કોટવાલે કરી છે પાટણને મુસ્લીમ લેખકો નહરવાલા તરીકે ઓળખાવે છે. એટલે કે નહરવાલાના કોટવાલે  કરાવેલું છે. તેની માલિકી સલ્તનત સત્તાની થઈ, રાજયની માલિકીની પણ કેટલીક સ્થાનિક અનુશ્રુતિ અનુસાર એ કૂવો મુઘલ સૂબાએ પટોળાવાળાઓને એટલે કે સાલવીઓને બક્ષિસ આપેલો, તેમનુ મશરૂ ધોવા માટે આપેલ. તેની માલિકી સાલવીઓની છે. તેનો લેખ આજ કૂવા ઉપર ઔરંગઝેબના સમયનો શિલાલેખા પથ્થર પર લખીને લગાવામાં આવ્યો છે. સંવત ૧૭૫૭ વર્ષ શાકે ૧૬૨૨ પ્રર્વતમાને શ્રાવણ સુદ બીજના દિવસે પાદશાહ શ્રી ઐરંગઝેબ મહાબલી વિજય રાજે સમસ્ત સાવલવી કૂવો, ‘‘ઢલુકૂવો’’ દરોગા સાલવી સેખ અનાઅત લાલ તથા કમકાઈઓ કડીઓ, બાલભીમો તથા નવી સેંધા નાગરોના બે દોકડા સંઘવી રીખવનાનજીના બાકી દોકડા સમસ્ત નાતના રૂા............તેમ પ્રમાણેનો લેખ કોતરાવેલ છે. પછી સાલવી નાથા હિરાશંકર લખેલ છે.

એમ સાલવી જ્ઞાતીના આગેવાન અને દાનવીરના નામ લખેલ છે. ત્યાર પછી જેટલી રકમ ખૂટતી તેટલી રકમ નહરવાલાના સુબાએ આપેલી છે. ખૂટતી રકમ સાલવી નાથા હિરાશંકરે આપેલી છે અને કૂવાનું સમારકામ કરાવેલ છે ઔરંગઝેબના સમયમાં આ ઢલુકૂવો સમસ્ત સાલવી જ્ઞાતિના હતો માટે ઔરંગઝેબના શાસનમાં સોપવામાં આવ્યો છે. તેની નોંધ કે માહિતી આપતું આ કૂવાપર નો લેખ છે.

આ માહિતી થી એમ જાણી શકાય છે કે પાટણમાં સોલંકીકાળમાં મહારાજ કુમારપાળ ના સમયમાં અહી રેશમ અને પટોળા વણાતા હતાં અને સાલવી લોકોને અહી કુમારપાળ લાવીને વસાવ્યા આ સાલવી પટોળા વણાતાં અને સાથે સાથે રેશમ અને મશરૂ પણ વણતા પટોળામાં કે પિતાંબરમાં વપરાતું રેશમ અને મશરૂને ધોવા માટે ખૂબ પાણી જોઈએ, આ માટે કૂવો બનાવવામાં આવ્યો હશે અને સલ્તનત તથા મુઘલ સમયમાં પાણીની તંગી તથા વેપારને પહોંચી વળવા અને ઝડપથી પાણી લેવા માટે સહસ્ત્રલીંગ સરોવર જવુ પડે માટે આ કૂવાનો ઉપયોગ સાવલી જ્ઞાતિને આપ્યો હશે તેમ ચોકકસ કહી શકાય.

ખૂબ ઉપયોગ પીવાના પાણી તરીકે કૂવાનો થતો હશે, કારણ તેની બાજુમાં થોડેદૂર નાગરવાડો, બત્તીવાડો, અને જૂનું પંચાસર પાશ્ર્વનાથ  જિનાલય અને જૈન શ્રાવકો નાં રહેઠાણો તથા ઉપાશ્રયો આવેલા હતા. આજે ત્યાં પાટીદારોના મકાનો છે. જયારે સાલવી વાડો તેની બાજુમાં આવેલ છે. કૂવાથી થોડેક જ દૂર છે. જે વિસ્તારની

દ્રષ્ટિએ પણ નજીક છે માટે મશરૂ કે રેશમ ધોવાના કામમાં વધારે પાણીનો ઉપયોગ થઈ શકે તે માટે સાલવી લોકોને સોલંકી સમયનો આ કૂવો સલ્તનત સમય માં સાલવીઓને અરબી ભાષામાં લખેલો શિલાલેખ સાથે સોપવામાં આવ્યો. ત્યારબાદ રેશમી અને સુતરાઉ કાપડની માંગ વધતાં અને પાણીની તંગી પડતાં આ કૂવો માત્ર સાલવી જ્ઞાતિને ઔરંગઝેબના શાસનમાં આપવામાં આવ્યો.

કુમાળપાળ વિ.સં.૧૧૯૯ના માગસર સુદ ચોથ ના દિવસે ગાદીએ આવ્યો.

તે પહેલાં આ કૂવો હોવો જોઈએ. એટલે કે સોલંકી વંશના શાસકોના સમયે આ કૂવો બંધાવ્યો હતો.

લગભગ બારસો વિ.સં.માં કૂવો બંધાવ્યો હતો. સને ૯૮૦ વર્ષ જુનો આ કુવો છે.

તેમ ચોકકસ કહી શકાય છે. કુમારપાળ રાજા બનતા મહારાષ્ટ્રમાંથી ૭૦૦ સાલવી કુટુંબોને પાટણ લાવ્યો. અને તેઓ પાટણમાં સ્થાયી થયા. તેમણે રેશમ અને મશરૂ તથા પટોળા વણવાનું કામ પાટણમાં કર્યુ. માટે પટોળાના દોરા (ધાગા)ને પાણીમાં તૈયાર કરી ને પટોળા અને રેશમ બનાવવા તેથી આ કૂવો સાલવી જ્ઞાતી માટે અલગ રાખવામાં આવ્યો હશે.

***સંદર્ભસૂચિ***


(૧) ''ગુજરાત નો પ્રાચીન ઈતિહાસ''ડાં. શાસ્ત્રી હરિપ્રસાદ ગંગારામ અમદાવાદ – ૧૯૬૪

(૨) ગુજરાત નો મધ્યકાલિન રાજપૂત ઈતિહાસ શાસ્ત્રી દુર્ગાશંકર કે. અમદાવાદ – ૧૯૫૩

(૩) ''પાટણ''દવે કનૈયાલાલ ભાઈશંકર પાટણ નગર પાલિકા – પાટણ
પ્રથમ આવૃતિ – ૧૯૭૬ પૃ. ૮૫ થી ૯૦

(૪) ''નિષ્ઠા''શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટસ કોલેજ પાટણ.
દ્વિજ અંકઃ૮ પ્રાગટયઃ એપ્રિલ, ૨૦૧૦ પૃ. ૬૧ થી ૬૮

(૫) યુગે યુગે પાટણની પ્રભુતા પ્રા. બ્રહ્મક્ષત્રિય મુકુન્દભાઈ પી.ગોળશેરી, ગોદડનો પાડો – પાટણ પૃ. ૨૦૦

(૬) ચાવડા વંશનો ઈતિહાસ પ્રો. પ્રવિણસિંહ રાઉલજી માણસા – ૧૯૮૬

(૭) ''પાટણનોઈતિહાસ''સાંડેસરા ભોગીલાલ પુરાતત્વ વિભાગ– એમ.એસ.
યુનિર્વસિટી વડોદરા(હાલ પ્રાપ્ત પુસ્તક ઠે. ઉ.ગુ. યુનિર્વસિટી પાટણ–ગ્રથાલય–ઈ. ૧૯૬૩ પૃ. ૩૦

(૮) ''મહેસાણા જિલ્લો એક પરિચય''પ્રકાશક માહિતી ખાતુ – ગુજરાત રાજય
મહેસાણા–ગાંધીનગર) ઈ.સ. ૨૦૦૧ પૃ ૨૫

(૯) ''હમલોગ'' દૈનિક વર્તમાન પત્ર તંત્રી મનિષ ખમા દિપોત્સની અંક ઈ.સ. ૨૦૦૯

(૧૦) પાટણના પટોળા હમલોગ – દૈનિક સમાચારલે. ડાં ગજેન્દ્ર શ્રીમાળી રવિવાર
૨૦૧૩ – પૃ – ૩

(૧૧) રૂબરૂ મુલાકાત – સાવલી ભાઈ પટોળા હાઉસ ૮–૮–૨૦૧૪